પરિપત્ર.

નિયામક,સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ -મેઈલ : dir-sd@gujarat. gov.in
CPDશાખા :dd2-dsd@gujarat.gov.in

નં.સસુખા/સત્તાસોંપણી/ CPD /૨૦૧૯-૨૦/૨૮૮ તા:-૧/૦૨/૨૦૨૦

વંચાણમાં-

(૧) વડી કચેરીના પરીપત્ર ક્રમાંકનં. સસુખા/ મકશ/ ૪૩૪ /૨૦૦૨-૦૩ તા.૧૯/૧૦/૨૦૦૨

(૨) ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની રજુઆત માહે- જાન્યુ- ૨૦૨૦

**વિષય- સમાજ સુરક્ષા ખાતા હેઠળની સંસ્થાઓમાં રાષ્ટ્રીય સામાજિક અને ધાર્મિક તહેવારોની ઉજવણી અંગે.**

સમાજ સુરક્ષા ખાતા હેઠળની સઘળી સંસ્થાઓમાં વંચાણ-૧થી તા૧૯/૧૦/૨૦૦૨ના પરીપત્રમાં સુચવ્યા મુજબ રાષ્ટ્રીય ,સામાજિક અને ધાર્મિક તહેવારોની ઉજવણી નિમિત્તે બાળકદીઠ કેટલાંક તહેવારોમાં રૂ.૨૫/- અને રૂ. ૫૦/- અલગથી ખર્ચ કરી તહેવાર ઉજવણી કરવા સ્થાયી મંજુરી આપવામાં આવી હતી.

હાલનું જીવનધોરણ તથા મોંઘવારીના સંજોગોને લક્ષમાં લેતા ઉપરોકત વંચાણ-૧થી અપાયેલ સ્થાયી મંજુરીની નાણાંકીય મર્યાદા રીવાઇઝ કરી ફેરવિચારણા બાદ નીચે પ્રમાણેના તહેવારોની ઉજવણી માટે તહેવારના નામ સામે દર્શાવેલ રકમ મુજબ પ્રતિ બાળક/અંતેવાસી માટે અલગથી ખર્ચ કરવાની સંસ્થાના સુપ્રીટેન્ડેન્ટ/સંસ્થાના વડાઓને સત્તા આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | મકર સંક્રાતિ (૧૪ મી જાન્યુઆરી) | રૂ. ૨૦૦ |
| ૨ | પ્રજાસત્તાક દિન (૨૬મી જાન્યુઆરી) | રૂ. ૧૦૦ |
| ૩ | ઇદે મિલાદ | રૂ. ૧૦૦ |
| ૪ | મહાશિવરાત્રી | રૂ. ૧૦૦ |
| ૫ | હોળી | રૂ.૧૫૦ |

| | | |
|---|---|---|
| ૬ | રામનવમી | રૂ. ૧૦૦ |
| ૭ | ડૉ.બાબાસહેબ આંબેડકર જયંતિ (૧૪મી એપ્રિલ) | રૂ. ૧૦૦ |
| ૮ | વિશ્વ વિકલાંગ દિન (૩-જી ડીસેમ્બર) | રૂ.૧૦૦ |
| ૯ | રક્ષાબંધન | રૂ. ૧૦૦ |
| ૧૦ | જન્માષ્ટમી | રૂ. ૧૦૦ |
| ૧૧ | સ્વતંત્રતા દિન (૧૫ મી ઓગસ્ટ) | રૂ. ૧૦૦ |
| ૧૨ | ગાંધીજયંતિ ( ૨જી ઓકટોબર) | રૂ. ૧૦૦ |
| ૧૩ | ગણેશચર્તુર્થી | રૂ.૧૦૦ |
| ૧૪ | દશેરા | રૂ. ૧૫૦ |
| ૧૫ | દિવાળી | રૂ.૨૦૦ |
| ૧૬ | નૂતનવર્ષ દિન | રૂ.૨૦૦ |
| ૧૭ | ભાઇબીજ | રૂ.૧૦૦ |
| ૧૮ | બાળદિન (૧૪ નવેમ્બર) | રૂ. ૧૦૦ |
| ૧૯ | બાળઅધિકાર દિન (૨૦મી નવેમ્બર) | રૂ. ૧૦૦ |
| ૨૦ | સંસ્થાનો વાર્ષિક સ્થાપના દિન | રૂ.૧૦૦ |

ઉપર જણાવેલા ધાર્મિક, રાષ્ટ્રીય તહેવારોને દિવસે યોગ્ય કાર્યક્રમો ગોઠવવા અંતેવાસીઓને તહેવારનું મહત્વ સમજાય તેવું સંસ્થાના વડાએ વકતાને બોલાવી આયોજન કરવું તથા સ્થાનિક સ્તરેથી અગ્રગણ્ય સામાજીક સંસ્થાઓ કે કાર્યકરોને રાષ્ટ્રીય તહેવારોમાં નિંમત્રણ પાઠવવું તથા તહેવારો નિમિત્તે બાળકોને મનગમતી મીઠાઇ તથા તહેવાર અનુરૂપ ચીજવસ્તુંઓ ખરીદ કરી નિવાસી સંસ્થાના તમામ બાળકો/અંતેવાસીઓમાં વિતરણ કરવું. મંજુર કરેલ રકમનો GST સાથે સમાવેશ કરવામાં આવેલ છે. આ મંજુરી ખાતા હેઠળની તમામ સરકારી / સ્વૈચ્છિક સંસ્થાના બાળકો, દિવ્યાંગ સંસ્થાના બાળકો, ભીક્ષુકગૃહ સંસ્થાના અંતેવાસીઓ તથા વૃધ્ધાશ્રમોના નિવાસી વૃધ્ધ અંતેવાસીઓને લાગું પડશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

૧. અધીક્ષકશ્રી,
બાળકલ્યાણ ક્ષેત્રે અને વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત તમામ સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓ તરફ જાણ તથા કાર્યવાહી સારૂ. ..

૨. **અધીક્ષકશ્રી,**

ભીક્ષુકગૃહો અને આશ્રયગૃહો, વૃધ્ધાશ્રમ, સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓ તરફ જાણ તથા કાર્યવાહી સારૂ. ..

૩. **જિલ્લા સમાજ સુરક્ષા અધીકારીશ્રી**, જિલ્લા સમાજ સુરક્ષા અધીકારીની કચેરી, તમામ ને જાણ સારૂ.

૪. **જિલ્લા બાળસુરક્ષા અધીકારીશ્રી**, જિલ્લા બાળ સુરક્ષા અધીકારીની કચેરી, તમામ ને જાણ સારૂ.

૫. **વડી કચેરી શાખાઓના વડાઓ તરફ જાણ સારૂ.**